જુના અને જર્જરિત ગ્રામ પંચાયત ઘરને
રીપેરીંગ કરવાની યોજના

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પચત/૨૦૧૫/૩૦૮૫/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦-૪-૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૧-૧૨-૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ વિક/કાર્યક્રમ/યુ-૧/૪૦૯૧

(૨) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૧૨-૨-૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ વિક/કાર્યક્રમ/યુ-૨/૪૨૬-૨૮

ઠ રા વ :-

ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયત એ ગ્રામ સચિવાલય ગણાય છે. ગ્રામ પંચાયતમાં ગામને લગતા કામો જેવા કે વિકાસના કામો, જમીન અને જમીન-મહેસૂલ, મકાન નોંધણી, વેરો, જન્મ મરણના દાખલા, સેસ ઉઘરાવવો, નોંધો પાડવી, રેકર્ડના ઉતારા તથા તેના સંગ્રહ જેવી મહત્વની કામગીરી વિવિધ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવે છે.

ઘણા ગામડાઓમાં પંચાયત ઘર જુના-પુરાણા અને જર્જરીત હોય છે જેથી ચોમાસાની ઋતુમાં છતમાંથી પાણી પડતું હોઇ રેકર્ડ જાળવણીમાં તેમજ કચેરીમાં બેસવામાં ઘણી જ અગવડો પડતી હોય છે, જેથી મુલાકાતીઓ તેમજ અરજદારોને માહિતી મેળવવામાં મુશ્કેલીઓ પડે છે. આથી જે ગ્રામ પંચાયતનું મકાન જુનું જર્જરિત હોય તેને રીપેરીંગ કરીને વધુ સુવિધાયુકત બનાવવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. જે અન્વયે વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા સંદર્ભ (૧) અને (૨) ના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તને ધ્યાને લઇ રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં આ બાબતે રૂ.૫૦/- કરોડની જોગવાઈ કરેલ છે. આ જોગવાઇ અંગેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી જે અંગે આથી નીચે મુજબની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવની જોગવાઈઓ જે ગ્રામ પંચાયતનું મકાન ૧૫(પંદર) વર્ષ કે તેથી વધારે જુનું/જર્જરીત હોય તેવા ગ્રામ પંચાયત ઘરને અપગ્રેડ (રીપેરીંગ) કરવા માટે નીચેની શરતોને આધીન રહીને ગ્રામપંચાયત ઘર અપગ્રેડ (રીપેરીંગ) કરવાના રહેશે.

શરતો :-

(૧) હયાત ગ્રામપંચાયતની કચેરીનું મકાન નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (માર્ગ અને મકાન) પંચાયત મારફતે સ્થળની મુલાકાત લઈ ગ્રામ પંચાયતનું મકાન જર્જરીત છે તેમજ ૧૫ વર્ષ જૂનું મકાન છે અને રીપેરીંગ કરવુ આવશ્યક છે તેવું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૨) ગ્રામપંચાયત ઘરને અપગ્રેડ (રીપેરીંગ) કરવા માટે મહત્તમ સહાયની રકમ રૂ.૫/- લાખ (અંકે રૂપીયા પાંચ લાખ પુરા) રહેશે.

(૩) ગ્રામપંચાયત મકાન અપગ્રેડેશન કરવા માટેના અંદાજો તાત્કાલિક રજુ કરી સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મેળવવાની રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અંગે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારશ્રીની પ્રવતમાન ખરીદ નીતિઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) અંદાજપત્રીય સુચનાઓને ધ્યાને લઈ કામો માટે તેમાં દર્શાવેલ વિગતે નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે પુરતી જોગવાઈ કરવાની રહેશે. આ કામ માટે એક વર્ષમાં કામ પુરૂ કરવાનું થતુ હોય તો અંદાજીત ખર્ચના ૧૦૦ ટકા જોગવાઈ અને જો આ કામ બે વર્ષમાં પુરૂ કરવાનું થતુ હોય તો અંદાજીત ખર્ચના ૫૦ ટકા જોગવાઈ કરવાનું ધોરણ રાખવાનું રહેશે અને તે સિવાય અંદાજીત ખર્ચના ૩૩ ટકા જોગવાઈ કરવાનું ધોરણ અચુકપણે રાખવાનું રહેશે, જેથી ત્રણ વર્ષના સમયગાળામાં કામો પુરા થઈ શકે.

(૧૨) આ કામ શરૂ કરતા પહેલા, દરમ્યાન તથા પૂર્ણ થયા પછીના ફોટોગ્રાફ લેવાના રહેશે. જે રેકર્ડ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા કક્ષાએ રેકર્ડમાં અચુકપણે રાખવાના રહેશે.

(૧૩) જર્જરીત ગ્રામ પંચાયતોના મકાનો અપગ્રેડ કરવા માટે જ આ ગ્રાન્ટનો ઉપયોગ જિલ્લા પંચાયતે કરવાનો રહેશે.

(૧૪) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૧૫) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૬) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગે વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૭) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરિયાત જણાય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપાવાના રહેશે.

(૧૮) રેલ્વે, નેશનલ હાઈવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૧૯) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૨૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૨) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૨૩) સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સામાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૨૪) પંચાયત ઘરનું મકાન જર્જરિત હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે તથા વિભાગે નિયત કરેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

આ યોજનાનું ખર્ચ સામાન્ય સદરે માંગણી ક્રમાંક-૭૦, મુખ્ય સદર ૨૫૧૫, અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ, ગૌણ સદર-૧૦૨, સમુહ વિકાસ, પેટા સદર (૪), સીડીપી-૫, પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી માટે નિવાસ બાંધવા માટે ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન હેઠળના આયોજન સદરે તેમજ આદિજાતિ સદરે માંગણી ક્રમાંક-૯૬, મુખ્ય સદર ૨૫૧૫, અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ, ગૌણ સદર-૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના (૭) સીડીપી-૦૫ પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી માટે નિવાસ બાંધવા માટે ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન હેઠળ ઉધારવાના રહેશે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની અંદાજપત્ર વર્ષ ૨૦૧૬-૧૭ ની માંગણી નં. ૭૦ મુખ્ય સદર-૨૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ, પેટા મુખ્ય સદર-૦૦, ગૌણ સદર-૧૦૨, પેટા સમૂહ પેટા સદર (૪) ની જનરલ સદરની વણ વપરાયેલી ગ્રાન્ટમાંથી આદિજાતિ વિસ્તાર સિવાયના વિસ્તારો માટે અને તેવી જ રીતે આદિજાતિ પેટા યોજના હેઠળના આયોજન સદર માંગણી ક્રમાંકઃ ૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના (૭) ની જોગવાઈ પૈકીની વણ વપરાયેલી ગ્રાન્ટમાંથી જર્જરીત મકાનોને અપગ્રેડ કરવા માટે હેતુફેર કરી સને ૨૦૧૬-૧૭ ના બેઠકમાં સીડીપી-૦૫ હેઠળ પંચાયત ઘર અપગ્રેડેશન માટે સામાન્ય સદરે રૂ. ૪૧૦૦.૦૦ લાખ અને આદિજાતી વિસ્તાર પેટા સદરે રૂ. ૯૦૦.૦૦ લાખ મળીને કુલ રૂ. ૫૦૦૦.૦૦ લાખની જોગવાઈને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૨/૦૪/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૩૦/૪/૧૬

(એન.એચ.ગઢવી) ૩૦/૪/૧૬

નાયબ સચિવ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

રવાના કર્યું
તા. ૩૦/૪/૧૬

(૨) માન.મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૩) માન.રા.ક.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) અગ્રસચિવશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૬) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજય, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૮) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફત)

(૯) શાખા સીલેકટ ફાઇલ

(૧૦) નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ